सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૬૭ સપ્ટેમ્બર -૨૦૦૭ અંક - ૨

## વાલીઓને....

વિવિધ ક્ષેત્રે પ્રવેશ માટે ગુણનું મહત્વ હોઈ પરીક્ષાને મહત્વ અપાય તે સ્વાભાવિક છે પરંતુ આજે પરીક્ષાનું કદ અને વજન ભણતર કરતાં ય હદ બહાર વધી ગયું છે. આથી વિદ્યાર્થીનું વ્યક્તિત્વ ખીલવું જોઈએ એને સ્થાને ગોખણપટ્ટી , આઈ.એમ.પી. , પરીક્ષા માટેના મહત્વના પ્રશ્નોની જ તેયારી કરવી, પરીક્ષાના દિવસોમાં છેલ્લે છેલ્લે યાદ રાખવાની તરકીબો કરવી, ગાઈડોમાંથી પ્રશ્નોના જવાબો કરી જવા વગેરે બાબતોને મહત્વ અપાય છે. એટલું જ નહીં પણ આ માટે ગમે તે રસ્તા અપનાવાય છે.

મેં ઘણી વખત જણાવ્યું છે કે શિક્ષણની એક વ્યાખ્યા એ છે કે જરૂર ઉભી થાય ત્યારે તે માહિતી મેળવી લેવાની ક્ષમતા.

પરીક્ષાની બીજી આડપેદાશ એ છે કે તેનાથી અભ્યાસના દિવસોનો વ્યય થાય છે.સમયાંતરે કેટલું આવડે છે તે જાણી લેવું તે એક બાબત છે પરંતુ તેના કારણો આપી પરીક્ષાનું વાતાવરણ ઉભું કરવું અને વિવેક બહાર મહત્વ આપવું તે બીજી બાબત છે.

આ હકીકત નુકશાનકારક છે તે સ્વીકારવાનું શરૂ થયું છે અને પરીક્ષાને સ્થાને સેમીસ્ટર પધ્ધતિનો વિકલ્પ વિચારાય છે. જેટલું વહેલું તે આવે તે આવકારદાયક છે.

તાજેતરમાં નિવૃત્ત થયેલા આપણા બહુશ્રુત રાષ્ટ્રપતિએ જણાવ્યું કે વિદ્યાર્થીનીરચનાત્મક શક્તિનો વિકાસ થાય તે શિક્ષણની જવાબદારી છે. તેને બદલે તેની રચનાત્મક શક્તિ દબાઈ જાય અને મૌલિકતાને તો તક જ ન મળે તેવી આજની શિક્ષણ પરીક્ષાનું માળખું જેટલું વહેલું દૂર થાય તેટલું સારું છે.

વાલીઓ વિવેકયુકત રીતે પરીક્ષાને મહત્વ આપી વિદ્યાર્થીને રોજીંદા વ્યવહારમાં પ્રવૃત્ત કરે તો તેનામાં આત્મસૂઝ આવે તેવી તક ઉભી થશે.

આપણને સ્વતંત્રતા મળી પછી વિવિધ ક્ષેત્રોમાં આપણે સંતોષપ્રદ વિકાસ કર્યો છે. આવો સંતોષ આજની શિક્ષણ વ્યવસ્થા જોતા મળતો નથી. હકીકતમાં આપણે આ ક્ષેત્રમાં પાછા ગયા હોઈએ તેવી લાગણી થાય છે. સ્વતંત્રતા પહેલાં આપણે બે નોબલ પારિતોષિકના અધિકારી બની શકયા - એક વિજ્ઞાનમાં અને બીજુ સાહિત્યમાં. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતીયોએ આ પારિતોષિક પ્રાપ્ત અવશ્ય કર્યું છે પરંતુ તે પરદેશમાં રહીને. આજે શિક્ષણક્ષેત્રે જે અવસ્થા અથવા સાચુ કહીએ તો જે અનવસ્થા નજરે ચડે છે તે જોઈ ભારે વ્યથા થાય તેવું છે.

હવે વધુ પેઢીઓ એનો ભોગ ન બને તેવી પ્રાર્થના.

દિનુભાઈ દવે
ના વંદન

## શ્રીમતી સવિતાબેન ત્રિવેદી

ગુજરાતમાં કન્યા કેળવણીનો હજુ ફેલાવો નહોતો થયો તે જમાનામાં જે ગણીગાંઠી બહેનો ગુજરાતમાં સ્નાતક બની. તેમાંના સવિતાબેન ત્રિવેદી એક હતા. જાજવલ્યમાન વ્યક્તિત્વ, શિસ્તનો અત્યંત આગ્રહ, પ્રેમથી છલકાતી દ્રષ્ટિ અને એક પણ ડાઘ વિનાના સફેદ ખાદીના પરિધાન એ આંખે ઉડીને વળગે તેવી એમની વિશેષતા, ૧૯૨૪માં શારદામંદિરની સ્થાપના થઈ ત્યારે શ્રી ભોગીભાઈ અને શ્રી ચંદુભાઈ સાથે તેઓ આ સંસ્થાના સહભાગી સ્થાપક બન્યાં.

તે જમાનામાં બાળકેળવણી શબ્દ લગભગ અસ્તિત્વમાં જ ન હતો. ચારેક વર્ષ પહેલા દક્ષિણામૂર્તિની સ્થાપના થતા લોકો તે શબ્દ જાણતા થયા. તે દિવસોમાં અમદાવાદના એલિસબ્રીજ જેવા વિસ્તારમાં બાળકો માટે અને બહેનો માટેની શારદામંદિરની સ્થાપનામાં તેઓ સહભાગી થયા. બહેનો માટેની હોસ્ટેલ તેમજ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે મેટ્રિકયુલેશનનું જોડાણ કરી તેમણે ગુજરાતમાં શિક્ષણના ક્ષેત્રોમાં પાયાનું કામ કર્યું.

૧૯૪૫-૪૬માં સાવ પછાત વિસ્તાર ચાણોદમાં ત્યક્તા, વિધવા અને આદિવાસી બહેનો માટે તેમણે શિક્ષણના ક્ષેત્રોમાં મહત્વનું કાર્ય કર્યું. તેઓ વારંવાર ચાણોદ જતા અને ત્યાંની પરિસ્થિતિ જોઈને તેમણે વિચાર્યું કે આ વિસ્તારમાં આવી એક સંસ્થાની જરૂર છે, જે બહેનોને અધૂરો અભ્યાસ છોડી દેવો પડયો હોય તેમને માટે શરૂઆતમાં વર્નાકયુલર ફાઈનલનાં વર્ગો ચલાવ્યા અને ત્યારબાદ મેટ્રિકયુલેશનના વર્ગો ચલાવીને આ બહેનોને મેટ્રીક પાસ થઈ શકે તેવી સુવિધા કરી. આ માટે તેમણે ચાણોદમાં એક મકાન લીધું અને આ બહેનોને ખાવાપીવાની સુવિધા સહિત રહેવાની વ્યવસ્થા સાથે શિક્ષણ મળે તેવું આયોજન કર્યું.

આ વર્ગોમાં શારદામંદિરના એસ.એસ.સી.માં વિષયો શીખવતા શિક્ષકોનો લાભ આ બહેનોને મળે તેવી સુવિધા કરી.

માત્ર શિક્ષણ જ નહી પરંતુ આ પછાત વિસ્તારમાં અન્ય સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે તેમણે પ્રયત્નો કર્યો. ચાણોદમાં સરપંચ બન્યા અને રસ્તાઓ તૈયાર થયા અને બસની સુવિધા પણ ઉભી કરી. આ માટે જરૂરી રાજદ્વારી પુરુષોના સંપર્કનો પૂરો ઉપયોગ લોકસેવા માટે તેમણે કર્યો. આ ઉપરાંત પૂર્ણિમાબેન પકવાસા, લીનાબેન મંગળદાસ જેવી સુશિક્ષિત બહેનોને તેમણે ચાણોદમાં આમંત્રણ આપીને એવી હવા ઉભી કરી કે જેથી ગામ લોકોમાં કન્યા કેળવણી માટે જાગૃતિ ઉભી થાય. ગ્રામ્ય વિસ્તારોમાં કામ કરવું તે ખૂબ કઠિન છે છતાં પણ જયારે જયારે શારદામંદિરના શિક્ષકો અથવા તો અન્ય લોકોને તેમણે પોતાના મહેમાન તરીકે બોલાવ્યા છે ત્યારે તેમની પૂરી સુવિધા સચવાય તે માટેની પૂરતી કાળજી તેમણે રાખી છે તે અમારા સૌનો સુખદ અનુભવ છે.

દિનુભાઈ દવે

## પૂ.સવિતાબેનને શ્રધ્ધાંજલિ

જાજવલ્યમાન વ્યક્તિત્વ, ગૌરવર્ણ, ધારદાર આંખો, પ્રભાવશાળી મુખમુદ્રા, અનુભવોનાં ડહાપણનો સંદેશો દેતાં શ્વેત કેશ, મોં પર પ્રસન્નતા, ભારે આત્મવિશ્વાસ, દ્રઢમનોબળ અને ખાનદાનીનું ભરપૂર તેજ, લગભગ હંમેશા ખાદીની સફેદ સાડીમાં પૂ.સવિતાબેનને જોઈએને જ એમને વંદન કરવાનું મન થાય, એવો પૂજ્યભાવ હૃદયમાં જાગે. ભારતીય સંસ્કારોની ભક્તિથી તે પૂરેપૂરા રંગાયા હતા. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર માટે તે ઘણાં જ જાગૃત અને આગ્રહી પણ ખરા જ છતાં નવા યુગની કેટલીક પ્રગતિને પણ તેમણે જીવનમાં હારોહાર ઉતારી હતી. ૧૮૯૬ના સપ્ટેમ્બરની ૨૧મીતારીખે તેમનો જન્મ થયો હતો.

એમના વખતમાં તો આખો સમાજ રૂઢિચુસ્ત, દીકરીને તે કંઈ ભણાવાય ! દીકરીને ભણીને શું કામ ? અને એ વાતાવરણનો ભોગ પૂ.બેન પણ બન્યાં. આગળ અભ્યાસની ઈચ્છા એમણે કચડી દેવી પડી. પણ અંદરથી તો સળવળાટ ચાલુ જ હતો. તે ચિત્રકામ, સિવણ, હસ્તઉદ્યોગની સાધનામાં લાગી ગયા.

પરંતુ એ દાબી દીધેલી ઈચ્છાને વિકસાવવાની તક એમને 'મિસ ચબ' નામના એ સમયના એક પ્રભાવશીલ બહેન તરફથી મળી.'વનિતાવિશ્રામ'માં દાખલ થયાં અને અધૂરો રહેલો અભ્યાસ આગળ ચલાવ્યો. ગુજરાત સ્ત્રી કેળવણી મંડળે લીધેલી પરીક્ષામાં તેઓ ઝળકી ઉઠયાં. અને એ સમયના વડોદરાના દીવાન સ્વ.સર મનુભાઈ મહેતાનાં હસ્તે પારિતોષિક પણ મેળવ્યું. સાત વિષયોમાંથી ૬ વિષયોમાં તો તેમણે ઈનામ મેળવ્યા. એસ.એલ.યુ.કોલેજમાં કર્વે મહિલા વિદ્યાપીઠનાં તે વિદ્યાર્થિની બન્યા. અમદાવાદની શાખાનાં વિદ્યાર્થીઓમાં તેઓ પ્રથમ હતા. એ કોલેજ ફક્ત ત્રણ વિદ્યાર્થિનીઓથી જ શરૂ થઈ હતી. બહેને બી.એ.ના છેલ્લા વર્ષમાં સૌથી વધુ માર્ક્સ મેળવી સંસ્કૃતમાં પારિતોષિક અને શિષ્યવૃત્તિ મેળવ્યા. આ માટે શ્રીમતી સરોજીની નાયડુના અધ્યક્ષપદે તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

એ જે કોલેજમાં ભણ્યાં એ જ એસ.એલ.યુ. કોલેજમાં એક વર્ષ સુધી 'ફેલો' તરીકે કામ કર્યું અને ત્યારથી જ તેમણે કન્યા કેળવણી અને સ્ત્રી ઉન્નતિ આ બે સેવાકાર્યોને તેમના જીવનનાં મુખ્ય કાર્યો તરીકે અપનાવી લીધા. આખું ય જીવન શિક્ષણ, સમાજસેવાને અર્પણ કરી દીધું. સ્ત્રીનું વ્યક્તિત્વ ખીલે, અને સ્ત્રીનું ગૌરવ સચવાય તે માટે તો તે સતત કાર્યશીલ રહેતા.

૧૯૨૪માં તે વખતના પ્રખર કેળવણીકાર તથા સાથીદારો શ્રી ભોગીભાઈ ઠાકર અને શ્રી ચંદુભાઈ દવેની સાથે જોડાઈ તે સમયની ગુજરાતની પ્રયોગાત્મક શાળા શારદામંદિરનો પ્રારંભ કર્યો. આ ખરેખર ભગીરથ પ્રયત્ન હતો. બાળકો માટે બાલમંદિરનાં વિચારની પહેલ જ એમણે કરી હતી, એ એક સાહસ હતું, પણ અતિશય ચીવટ, ખંત, આત્મભોગ, સેવા અને પ્રવૃત્તિની ઝંખનાને કારણે તેઓ તે કામ નિષ્ઠાપૂર્વક કરી શકયાં. આજે ૮૪ વર્ષ પછી પણ તેમણે સ્થાપેલી શાદામંદિરની સંસ્થા એક વટવૃક્ષની જેમ પાંગરી છે. તેની ગૃહમાતાની સંપૂર્ણ વ્યવસ્થા શ્રી સવિતાબેને ઉપાડી લીધી હતી. આદર્શો પાર પાડવા તેમણે જીવનની સમગ્ર તાકાત એકઠી કરી, સખત પરિશ્રમ વેઠયો હતો. તેમનામાં અજબ વ્યવસ્થાશક્તિ, કુશાગ્ર બુધ્ધિ અને વાત્સલ્ય પૂર્ણ હૃદય હતાં. અને તેને કારણે તેઓ શિક્ષણ ક્ષેત્રે ખૂબ સારી સિધ્ધિ પ્રાપ્ત કરી શકયાં.

આ સાથે તેઓ રાષ્ટ્રપ્રેમના રંગે પણ રંગાયેલા હતાં તેમણે ચળવળમાં ઝુકાવ્યું. પૂજ્ય ગાંધીજી અને તે સમયનાં નેતાઓનાં પરિચયમાં આવ્યા. ઘણી સામાજીક સંસ્થાઓમાં તેમની સેવાઓ આપી. મ્યુ. કાઉન્સેલર તરીકે, અખિલ હિંદ પરિષદનાં મંત્રી તેમજ પ્રમુખ તરીકે, નાથીબાઈ દામોદરદાસ ઠાકરશી મહિલા વિદ્યાપીઠનાં સેનેટ સભ્ય તરીકે ગુજરાત સ્ત્રી કેળવણી મંડળનાં પ્રમુખ તરીકે, કેટકેટલી સંસ્થાઓનું તેમણે સુકાન સંભાળ્યું હતું !

જીવનનાં અંતિમ વર્ષો તેમણે નર્મદાને કિનારે ચાણોદમાં વીતાવ્યાં પણ ત્યાંય તેમણે આવા જ સમાજ ઉપયોગી અનેક કાર્યો કર્યા, જીવનને ધૂપસળીની જેમ જીવી સેવાની સુવાસ ચોતરફ ફેલાવી. પૂ.બેનને, તા.૨૧મી સપ્ટેમ્બરને ૨૦૦૭નાં રોજ ૧૧૧મી જન્મશતાબ્દિ નિમિત્તે શત શત પ્રણામ. (શ્રી વસુબેન ભટ્ટના લેખના આધારે )

ઊર્મિલા શાહ

## સ્થાપનાદિન

શારદામંદિરનો ૮૪મો સ્થાપનાદિન, બાલમંદિરમાં તા.૧૮-૮-૦૭ અને નવા શારદામંદિરમાં તા.૨૦-૮-૦૭ના રોજ ઉજવવામાં આવ્યો. શારદામંદિરમાં બાળક કેન્દ્રસ્થાને છે, અને તેથી વર્ષોથી સ્થાપનાદિનના દિવસે બાલપૂજન કરવાની પ્રણાલિકા ચાલી આવે છે.

કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થનાથી, મા સરસ્વતીની સ્તુતિથી કરવામાં આવ્યો. આ પહેલા શ્રી ગણેશને વંદન કરવામાં આવ્યાં. રંગબેરંગી ચણિયાચોળી અને ઓઢણીમાં સજ્જ થયેલ બાળકોનો ઉમંગ અનેરો હતો. ઝરમર વરસતાં વરસાદમાં પણ બાલમંદિરનાં બાળકોએ 'હવામાં આજ વહે છે ધરતી કેરી ખુશખુશાલી' ગીત રજૂ કર્યું ત્યારે આખું ય વાતાવરણ પ્રસન્નતાથી ભર્યુંભર્યું થઈ ગયું. મુખ્ય અતિથિ તરીકે પધારેલ ડૉ.શ્રી પ્રવિણભાઈ ખત્રીએ બાલપૂજન કર્યું અને બાળકોને આશીર્વચન આપ્યા.શારદાના સાદનો ગરબો અને રંગબેરંગી ધજા અને ફૂગ્ગા સાથે બાળકોની કૂચ પણ બાળકોનો થનગનાટ વ્યક્ત કરતી હતી.

તા.૨૦મીએ નવા શારદામંદિરમાં ભૂતપૂર્વ વાલી અને વિદ્યાર્થી શ્રી જ્યોતિષભાઈ દાંડવાલા મુખ્ય અતિથિ તરીકે પધાર્યા હતા. તેમણે પણ ખૂબ ભાવનાપૂર્વક સંસ્કૃત શ્લોકોનાં ગાન સાથે બાલપૂજન કર્યું. સંસ્થાના નિયામકશ્રી દિનુભાઈએ મહેમાનોનું સ્વાગત કર્યું શ્રી જ્યોતિષભાઈએ બાલપૂજન કર્યા બાદ બાળકોને રાષ્ટ્રને ઉપયોગી થઈ શકે તેવા ભાવિ નાગરિક બનવા આશીર્વચન આપ્યાં. પ્રાર્થના, ત્યારબાદ બાલરથ, ગરબો અને બાલકૂચ ને છેલ્લે રાષ્ટ્રગીત આખોય કાર્યક્રમ ખૂબ સરસ રીતે રજૂ થયો. ચિ.બેન આનલ વસાવડાનાં મધુર કંઠે ગવાયેલાં સંગીતથી કાર્યક્રમ વધુ દીપી ઉઠયો. ત્રણ કાળના પ્રતિનિધિત્વ રૂપે આ નિમિત્તે ત્રણ બાલરથીનું પૂજન કરવામાં આવે છે.

## સંસ્થાનું ગૌરવ

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી તરફથી યોજાતી પંડીત ઓમકારનાથ શાસ્ત્રીય વાદ્યસંગીત સ્પર્ધામાં ચિ.અમન ગોહિલને તૃતીય પારિતોષિક મળ્યું છે તે બદલ સંસ્થા ગૌરવની લાગણી અનુભવે છે. ભાઈ અમનને ખૂબ અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા.

શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ.હિમાની જયેશભાઈ શાહે અખિલ હિંદ મહિલા પરિષદ અમદાવાદ શાખા આયોજીત શ્રીમતી સુલોચનાબેન પાઠક સુગમ સંગીત સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે તે માટે અભિનંદન.

## નંદોત્સવ

તા.૮-૯-૦૭ને શનિવારે બાલમંદિરમાં 'નંદોત્સવ'નો કાર્યક્રમ યોજાઈ ગયો. બેન આનલ વસાવડાના મધુર કંઠે ગવાયેલ 'યદા યદા હિ ધર્મસ્ય' શ્લોકથી કાર્યક્રમનો પ્રારંભ થતાં જ આખાય વાતાવરણમાં ખૂબ સરસ જમાવટ થઈ. કંસનું પાત્ર અને યશોદાનું પાત્ર ખૂબ સરસ રીતે ભજવાયું. આટલા નાના બાળકોની અભિનયશક્તિ અને અભિવ્યક્તિ ખરેખર બિરદાવવા યોગ્ય હતી. પ્રધાનજી અને નારદજીનું પાત્ર પણ બાળકોએ ખૂબ સરસ રીતે ભજવ્યું. આવા કાર્યક્રમોથી બાળકોમાં બાળપણથી જ આપણી ભારતીય સંસ્કૃતિનું સિંચન થાય છે. કૃષ્ણ કનૈયાની બાળલીલા જોવાની અને માણવાની તો સૌ બાળકોને ગમે જ છે. એમાં ય 'હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલકી' 'નંદ ઘેર આનંદ ભયો' એ ધૂન મચાવતાં તો બાળકોના આનંદ અને ઉત્સાહને કોઈ અવધિ રહેતી નથી.

વાસુદેવ જ્યારે માથે છાબડામાં કૃષ્ણને લઈને જઈ રહ્યાં હતાં ત્યારે તો જાણે સાક્ષાત બાળ સ્વરૂપ કૃષ્ણનાં જ દર્શન થતાં હતાં. 'જળકમળ છાંડી જાને બાળા' નાગદમનની પણ ખૂબ સરસ રજૂઆત થઈ. નંદોત્સવનો આખોય કાર્યક્રમ એક સંભારણું બની ગયો. બેન આનલના કંઠ અને પ્રતિમાબેનના સંગીતે તેને વધુ રસમય બનાવ્યો.

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

તા.૧૪-૭-૦૭ને શનિવારે રથયાત્રાના ધાર્મિક તહેવારની સમજ સમૂહવાર્તા દ્વારા આપવામાં આવી. જયરણછોડ, માખણચોરના નાદથી બાલમંદિરનું વાતાવરણ ગૂંજી ઉઠયું.

ગૌરીવ્રત નિમિત્તે જવારાની વાવણી કરાવી. સુંદર ચણિયાચોળીમાં સજ્જ થઈ માથે જવારા લઈ ગરબે ઘૂમવાની બાળકોને ખૂબ મજા આવી.

તા.૨૮-૭-૦૭ને શનિવારે ગુરુપૂર્ણિમાના તહેવારની સમજ આપી. એકલવ્યએ ગુરુદક્ષિણામાં પોતાનો અંગૂઠો કાપીને આપેલ એ ઉદાહરણ આપી બાળકોને ગુરુનું મહત્વ સમજાવ્યું.

૧૫મી ઓગસ્ટ નિમિત્તે રાષ્ટ્રધ્વજ બતાવી તેમાં આવતા ત્રણ રંગ શેનું સૂચન કરે છે અને દેશના દરેક નાગરિકે તેને માન આપવું જોઈએ તેની સમજ આપી.

તા.૧૮-૮-૦૭ને શનિવારે શાળાના સ્થાપનાદિનની ઉજવણી કરવામાં આવી. મુખ્ય મહેમાન પદે આવેલા ડૉ.પ્રવિણભાઈ ખત્રીના હસ્તે બાલપૂજન કરવામાં આવ્યું.

તા.૨૪-૮-૦૭ને શનિવારે બાલમંદિર બ વિભાગના બાળકો જલારામ મંદિરના પ્રવાસે ગયા. પારણામાં ઝૂલતા બાલગોપાલને નિહાળી બાળકો આનંદવિભોર થઈ ગયા.

રક્ષાબંધનના ધાર્મિક તહેવારની સમજ આપી ભાઈબહેનના અતૂટ પ્રેમના પ્રતિક સમા સૂતરના ધાગાનું મહત્વ સમજાવી આ પર્વની ઉજવણી કરવામાં આવી. જેમાં બાળકોને તિલક કરી, મોં મીઠું કરાવી, રાખડી બાંધી.તા.૮-૯-૦૭ને શનિવારે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી.તા.૧૧-૯-૦૭ને મંગળવારે મહાવીર જન્મવાંચન નિમિત્તે તેમના જન્મ વિશે માહિતી આપી મહાવીર સ્તવનો ગવડાવ્યાં.

## શિશુમંદિર

તા.૨૮-૭-૦૭ના રોજ ધોરણ ૧ થી ૪ની વિદ્યાર્થિની બહેનોએ ખૂબ ઉત્સાહભેર ગરબા ગાયા. રંગબેરંગી ચણિયાચોળી ને ઓઢણીમાં સુસજ્જિત બહેનોનો આનંદ અજબ હતો.

તા.૩૦-૭-૦૭ના રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે વિદ્યાર્થીઓએ શિક્ષકોને ગુલાબ આપી તેમનું અભિવાદન કર્યું. શિક્ષકોએ તેમને આશીર્વાદ આપ્યાં.

ધોરણ-૪,૫,૬નાં વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમા વિષે સુંદર વકતવ્ય રજૂ કર્યા.

તા.૧૪-૮-૦૭નાં રોજ સ્વાતંત્ર્યદિન નિમિત્તે દેશભક્તિના ગીતોનો કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમ ખૂબ સારો રહ્યો.

તા.૨૦-૮-૦૭નાં રોજ સંસ્થાનો ૮૪મો સ્થાપનાદિન અતિથિ વિશેષ શ્રી જ્યોતિષભાઈ દાંડવાલાની ઉપસ્થિતિમાં યોજાયો.

તા.૨૪-૮-૦૭નાં રોજ ધોરણ-૩અને ૪ના વિદ્યાર્થીઓ માટે રાખડી સ્પર્ધા યોજાઈ. નાના બાળકોએ પણ ખૂબ સરસ રાખડીઓ બનાવી.

તા.૬-૯-૦૭નાં રોજ Teachers' Day નિમિત્તે શારદામંદિર મોડર્ન સ્કુલના ધો.૫,૬,૭ના વિદ્યાર્થીઓએ અંગ્રેજીમાં સરસ રીતે વકતવ્ય રજૂ કર્યા.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

| | | | |
|---|---|---|---|
| **મહેંદી સ્પર્ધા** | | તા.૨૦-૭-૦૭ | |
| | પ્રથમ | ઉત્સવી શાહ | (ગંગોત્રી) |
| | દ્વિતીય | શિવાની ઉપાધ્યાય | (રત્નદીપ) |
| | | આરતી મર્થક | (ધવલગિરિ) |
| | તૃતીય | હીના શુકલ | (મેઘનાદ) |
| | | હરિતા ઠાકર | (મેઘનાદ) |
| **વકતૃત્વ સ્પર્ધા** | | તા.૨૫-૭-૦૭ | |
| | પ્રથમ | મેહા શાહ | (રત્નદીપ) |
| | દ્વિતીય | માનુષ પટેલ | (ધવલગિરિ) |
| | તૃતીય | કરન શાહ | (મેઘનાદ) |
| | | ઋજુતા ભટ્ટ | (ધવલગિરિ) |
| **રાખડી સ્પર્ધા** | | તા.૨૪-૮-૦૭ | |
| | પ્રથમ | રાહિલ અગ્રવાલ | (ગંગોત્રી) |
| | દ્વિતીય | કૃતિ શાહ | (રત્નદીપ) |
| | | સાક્ષી શાસ્ત્રી | (મેઘનાદ) |
| | તૃતીય | આરતી મર્થક | (ધવલગિરિ) |
| | | વૈદેહી શાહ | (રત્નદીપ) |
| પારણા સ્પર્ધા | | તા.૭-૯-૦૭ | |
| | પ્રથમ | હિતાંશુ જોષી | (ધવલગિરિ) |
| | દ્વિતીય | માનસી પરીખ | (રત્નદીપ) |
| | | યશ્વી દલાલ | (ધવલગિરિ) |
| | તૃતીય | રોશની મહેતા | (રત્નદીપ) |
| **પંચાજીરી સ્પર્ધા** | | તા.૭-૯-૦૭ | |
| **ડેકોરેશન** | પ્રથમ | હેલી સોપારકર | (ગંગોત્રી) |
| | દ્વિતીય | માર્ગી જોષી | (મેઘનાદ) |
| | તૃતીય | મૌલી સોની | (રત્નદીપ) |

| | | | |
|---|---|---|---|
| પંચાજીરી સ્પર્ધા | તા. | | |
| સ્વાદ | પ્રથમ | માર્ગી જોષી | (મેઘનાદ) |
| | દ્વિતીય | ખુશ્બુ ઠક્કર | (રત્નદીપ) |
| | | હેલી સોપારકર | (ગંગોત્રી) |
| | તૃતીય | મૌલી સોની | (રત્નદીપ) |
| ગણેશમૂર્તિ સ્પર્ધા | તા.૭-૯-૦૭ | | |
| | પ્રથમ | હેમ સોપારકર | (ગંગોત્રી) |
| | દ્વિતીય | કિશન શાહ | (ધવલગિરિ) |
| | તૃતીય | નિધિ પટેલ | (રત્નદીપ) |
| નંદાવ્રત સાથિયા સ્પર્ધા | તા.૭-૯-૦૭ | | |
| | પ્રથમ | સોનિયા શાહ | (મેઘનાદ) |
| | દ્વિતીય | હેત્વી દેસાઈ | (ગંગોત્રી) |
| | તૃતીય | શૈલી શાહ | (રત્નદીપ) |

## વિનયમંદિર

તા.૧૫-૮-૦૭નાં રોજ સ્વાતંત્ર્યદિન નિમિત્તે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલી શ્રી યશપાલભાઈ ઝાલાના હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો.

### આંતરગૃહ સ્પર્ધાઓ :

| | | | |
|---|---|---|---|
| મહેંદી સ્પર્ધા | તા.૨૦-૭-૦૭ | | |
| | પ્રથમ | આયુષી શાહ | (ચંદ્રમૌલી) |
| | દ્વિતીય | કાજલ શાહ | (પદ્મપુકુર) |
| | | ખુશાલી ત્રિપાઠી | (ગીતગોવિંદ) |
| | તૃતીય | કુંજલ શાહ | (ગીતગોવિંદ |
| | | અદ્વૈતા હળવદિયા | (પદ્મપુકુર) |
| વકતૃત્વ સ્પર્ધા | તા.૨૩-૭-૦૭ | | |
| | પ્રથમ | યત્ન પટેલ | (ગીતગોવિંદ) |
| | દ્વિતીય | પૌરીન શાહ | (ગીતગોવિંદ) |
| | તૃતીય | રાહિલ જાની | (પદ્મપુકુર) |
| | | વૃંદા શર્મા | (મેઘદૂત) |
| પંચાજીરી સ્પર્ધા | તા.૭-૯-૦૭ | | |
| ડેકોરેશન | પ્રથમ | નિરાલી ત્રિવેદી | (ચંદ્રમૌલિ) |
| | દ્વિતીય | સંજના દોશી | (પદ્મપુકુર) |
| | તૃતીય | ઐશ્વર્યા રાવલ | (પદ્મપુકુર) |
| | | ઈશાની દવે | (મેઘદુત) |
| સ્વાદ | પ્રથમ | ઈશાની દવે | (મેઘદૂત) |
| | દ્વિતીય | નિરાલી ત્રિવેદી | (ચંદ્રમૌલિ) |
| | | ક્રેયા બારોટ | (મેઘદૂત) |
| | તૃતીય | અભિષેક ભટ્ટ | (ગીતગોવિંદ) |
| પારણા સ્પર્ધા | તા.૭-૯-૦૭ | | |
| | પ્રથમ | રાહિલ જાની | (પદ્મપુકુર) |
| | દ્વિતીય | હસ બોડીવાલા | (મેઘદૂત) |
| | | ધ્રુમા પરીખ | (ચંદ્રમૌલિ) |
| | તૃતીય | હર્ષિલ શાહ | (મેઘદૂત) |
| | | દ્વિજ દવે | (ચંદ્રમૌલિ) |
| | | રીશી જાની | (ચંદ્રમૌલિ) |
| ગણેશમૂર્તિ સ્પર્ધા | તા.૭-૯-૦૭ | | |
| | પ્રથમ | દ્રષ્ટિ ઠક્કર | (ગીતગોવિંદ) |
| | દ્વિતીય | દિવ્યરાજ ઝાલા | (પદ્મપુકુર) |
| | તૃતીય | ભૂમિ ચુડાસમા | (પદ્મપુકુર) |
| | | પ્રાર્થના ઠક્કર | (પદ્મપુકુર) |
| નંદાવ્રત સાથિયા સ્પર્ધા | તા.૭-૯-૦૭ | | |
| | પ્રથમ | પલક મહેતા | (ગીતગોવિંદ) |
| | દ્વિતીય | વિરતી શાહ | (મેઘદૂત) |
| | તૃતીય | દીપ શાહ | (ગીતગોવિંદ) |
| | | કલગી શાહ | (મેઘદૂત) |

### અભિનંદન

#### તરણકલા

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| ગુજરાત રાજ્ય શાળાકીય તરણ સ્પર્ધા | હર્ષ પટેલ | તૃતીય<br>૫૦મી ફ્રી સ્ટાઈલ |
| (અન્ડર ૧૪ભાઈઓ) | હર્ષ પટેલ | દ્વિતીય<br>૪૦૦મી ફ્રી સ્ટાઈલ |
| (અન્ડર ૧૪) | વાલ્મિક ભટ્ટ | પ્રથમ<br>૧૦૦મી બ્રેસ્ટ સ્ટ્રોક |
| (અન્ડર ૧૭) | વાલ્મિક ભટ્ટ | પ્રથમ<br>૧૦૦મી બેક સ્ટ્રોક |
| | વાલ્મિક ભટ્ટ | દ્વિતીય<br>૨૦૦મી બ્રેસ્ટ સ્ટ્રોક |
| ગુજરાત એકવેટીક એસોસિએશન | હર્ષ પટેલ | પ્રથમ<br>૨૦૦મી ફ્રી સ્ટાઈલ |
| ઓપન કેટેગરી | હર્ષ પટેલ | દ્વિતીય<br>૨૦૦મી બ્રેક સ્ટ્રોક |
| | હર્ષ પટેલ | દ્વિતીય<br>૮૦૦મી ફ્રી સ્ટાઈલ |
| ગુજરાત રાજ્ય કક્ષા સ્વીમીંગ સ્પર્ધા | હર્ષ પટેલ | તૃતીય<br>૮૦૦મી ફ્રી સ્ટાઈલ |
| કર્ણાવતી કલબ લીમીટેડ | હર્ષ પટેલ | દ્વિતીય<br>બેક સ્ટ્રોક |

#### ચિત્ર

| | | |
|---|---|---|
| ઓલ ઈન્ડિયા ચાઈલ્ડ એન્ડ યુથ આર્ટ એકઝીબીશન | તનીષા રાજલ | સુવર્ણચંદ્રક |

#### સંગીત

| | | |
|---|---|---|
| બેંક ઓફ ઈન્ડિયા | પાર્શ્વ પરમાર | પ્રથમ |

#### નિબંધ

| | | | |
|---|---|---|---|
| અખિલ હિંદ મહિલા પરીષદ | રીયા ભટ્ટ | પ્રથમ | ધો.૫ |
| એલિસબ્રિજ શાખા | ક્રિશ્ના પી.શાહ | દ્વિતીય | ધો.૬ |
| | ક્રિશ્ના એ.શાહ | દ્વિતીય | ધો.૭ |

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda1924@rediffmail.com
shardamandir1924@yahoo.com
Fax : (079) 26622480